**Publication: Bapor Samachar** **Date: Friday, 21st November, 2014**

**Edition: Vadodara**

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ @5, લોન્ચ કરે છે હેપ્પી ઈન્ડિયા

તા. ૧૯ : નાવીન્યપૂર્ણ વિચારો અને પરિવર્તન લાવવાની ધગશ સાથેના યુવા પરિવર્તનકારીઓને પિછાણવા માટે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સે હેપ્પી ઈન્ડિયા પહેલની જાહેરાત કરી છે. આ સામાજિક પરિવર્તન પહેલ કંપનીની પમી તિથિની ઉજવણી ખાતે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી મોહિત રોશનાલી દ્વારા કરાઈ હતી.

આ પહેલની રજૂઆત વિશે બોલતાં શ્રી મોહિત રોશનાલીએ જણાવ્યું હતું કે દેશમાં સેવાનાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે તે નિમિત્ત સાધી હેપ્પી ઈન્ડિયા લોન્ચ કરવામાં અમને બેહદ ખુશી થઈ રહી છે. ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ ચૂક્યો છે. નવી સરકાર ભારતને નાણાકીય સમાવેશકતાથી લઈને મેક ઈન ઈન્ડિયાથી સ્વચ્છ ભારત અભિયાન સુધી બહેતર બનાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે. હવે વિદ્યાર્થીઓને ફક્ત માગણી કરીને નહીં પરંતુ વાસ્તવમાં તેમને માટે નિર્માણ કરીને આ પરિવર્તનનો ભાગ બનવાની તક ચાલીને આવી રહી છે. હેપ્પી ઈન્ડિયાનું લક્ષ્ય યુવા પરિવર્તન ઘડવૈયાઓની તલાશ કરવાનું લક્ષ્ય છે અને પરિવર્તન માટે તેમના વિચારોનો અમલ કરવા માટે તેમને ટેકો આપવાનું લક્ષ્ય છે. આમાં ૧૫ શહેરની ૫૦૦ શાળામાંથી ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

યુવાનો તેમને ચિંતા કરાવે તેના સામાજિક મુદ્દાઓ પિછાણશે અને આ મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે તેઓ શું નિયોજન કરી શકે તે વિશે તેમના વિચારો રજૂ કરશે. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ આ સામે ૨૫ ઉત્તમ પરિવર્તન માટેના પરિવર્તન માટેના વિચારોને ટેકો આપીને રૂ. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ આપશે, જેથી આ યુવા પરિવર્તનકારીઓ તેમના સપનાનું પરિવર્તન ઘડી શકશે.

આ પહેલને બેંક ઓફ બરોડા અને આંધ્ર બેંકે ટેકો આપ્યો છે, જ્યારે વેલિડેશન અને પ્રોસેસ વેલિડેશનનું નોલેજ પાર્ટનર્સ કેએમપીજી ધ્યાન રાખશે.

અમે રાષ્ટ્ર નિર્માણ પ્રવૃત્તિમાં ભાવિ પેઢીને સાંકળવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમને આશા છે કે ઈન્ડિયાફર્સ્ટનું આ નાનું પગલું રાષ્ટ્ર માટે ભવ્ય છલાંગ બની રહેશે, કારણ કે આમાં સેંકડો શાળાઓ ભાગ લેતી જોવા મળશે, એમ રોશનાલીએ ઉમેર્યું હતું.

પરિવર્તન માટેના આ ૨૫ ઉત્તમ વિચારોને ઉદ્યોગના દિગ્ગજો, નાવીન્યકારો, સામાજિક વિજ્ઞાનીઓ અને લેખકો દ્વારા સંપૂર્ણ અમલીકરણ તબક્કા દરમિયાન મેન્ટર કરાશે અને તેમાં હિંદુજા હોસ્પિટલના સીઈઓ પ્રમોદ લેલે, એચટી મિડિયાના સિ. એડિટર તમલ બંડોપાધ્યાય જેવી નામાંકિત હસ્તીઓનો સમાવેશ રહેશે.

ઈન્ડિયાફર્સ્ટ ફેબ્રુઆરીઓમાં હેપ્પી ઈન્ડિયા નેશનલ કોક્લેવ આયોજિત કરશે, જ્યારે ૨૫ ટીમ કોર્પોરેટ દિગ્ગજો, મુખ્ય જાહેર હસ્તીઓ અને મિડિયા સમક્ષ તેમના પ્રોજેક્ટો પ્રદર્શિત કરશે. આ વિદ્યાર્થીઓના પ્રયાસોને ઈન્ડિયાફર્સ્ટ અને શ્રેષ્ઠી પબ્લિશર્સ દ્વારા ભાવિ પરિવર્તનને પ્રેરણા આપવા માટે સંયુક્ત રીતે ઘડવામાં આવેલા યંગ ચેન્જ મેકર્સ કોમ્પેડિયમમાં પણ સ્થાન અપાશે. આ કોમ્પેડિયમમાં વિચારો પર મેન્ટરોનું પરિપ્રેક્ષ્ય હશે. એટલે કે, આ વિચાર અમલ કર્યા પછી હેપ્પી ઈન્ડિયા નિર્માણ કરવા માટે અમલીકરણ પછી તેનો પ્રભાવ અને રીત.

A Joint Venture of Bank of Baroda, Legal & General, Andhra Bank